

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 022
Dt.: 30-09-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### PoKમાં સરકાર વિરુદ્ધ બળવો

# PoKમાં હજારો લોકો રસ્તા પર ઉતરતા સેનાનું ફાયરિંગ, ઈન્ટરનેટ સેવા બંધ

### પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં રાજકીય અને આર્થિક ઉપેક્ષાનો હવાલો આપતાં લોકો એકજૂટ થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પીઓકે

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિદ્રોહ ભડકી ઉઠ્યો છે. અહીં લોકો શાહબાઝ શરીફ સરકારનો વિરોધ કરી રહ્યા છે. POKમાં આજે ૨૯ સપ્ટેમ્બરના રોજ હડતાળ જાહેર કરવામાં આવી હતી. આ હડતાળને રોકવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પાકિસ્તાનની સેનાએ સામાન્ય નાગરિકો પર ગોળીબાર શરૂ કર્યો છે. પાકિસ્તાન સેનાના તમામ પ્રયાસો હોવા છતાં સ્થાનિક લોકો પીછેહટ કરી રહ્યા નથી. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં જોવા મળે છે કે, દેખાવકારોએ પાકિસ્તાની સેનાના એક અધિકારીને પકડી લીધો હતો. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં રાજકીય અને આર્થિક ઉપેક્ષાનો હવાલો આપતાં લોકો એકજૂટ થયા છે. તે અત્યારસુધીનો સૌથી મોટો નાગરિક વિદ્રોહ બની શકે છે. નાગરિક સમાજનું ગઠબંધન અવામી એક્શન કમિટી આ આંદોલનનું નેતૃત્વ કરી રહી છે. તેણે દાયકાઓથી રાજકીય અને આર્થિક ઉપેક્ષાનો હવાલો આપતાં હજારો લોકોને એકજૂટ કર્યા છે. આ આંદોલનકારીઓએ ૩૮ સૂત્રીય સંરચનાત્મક સુધારાની માગ કરી છે. જેમાં પાકિસ્તાનમાં રહેતાં કાશ્મીર શરણાર્થીઓ માટે અનામત, POKમાં ૧૨ ધારાસભ્યોની બેઠક દૂર કરવાની માગ સામેલ છે. સ્થાનિક લોકોનો તર્ક છે કે, તે પ્રતિનિધિ શાસનને નબળુ બનાવી રહ્યા છે. અન્ય માગમાં સબસિડીયુક્ત લોટ, મંગલા જળવિદ્યુત પરિયોજના હેઠળ સસ્તી વીજળી, અને ઈસ્લામાબાદ દ્વારા લાંબા સમયથી આપવામાં આવેલા વચનોને લાગુ કરવા સામેલ છે.

POKમાં અવામી એક્શન કમિટીએ ૨૯ સપ્ટેમ્બર, સોમવારના રોજ વ્યાપકપણે વિરોધ પ્રદર્શન કરવા હડતાળ યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો સામેલ થયા, આ હડતાળ અનિશ્ચિતકાળ સુધી ચાલવાના અંદાજ સાથે પાકિસ્તાન સરકારે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. ટોળાને રોકવા માટે રવિવાર રાતથી ઈન્ટરનેટ પર પ્રતિબંધ લાદ્યો હતો. તેમજ મોટાપાયે સુરક્ષા દળો તૈનાત કર્યા છે. લોકોની નારાજગીને જોતાં શાહબાઝ સરકાર પર જોખમની ભીતિ વધી છે.

મુઝફ્ફરાબાદમાં ભીડને સંબોધતા આવામી એક્શન કમિટીના અગ્રણી નેતા શૌકત નવાઝ મીરે કહ્યું, અમારું અભિયાન કોઈ સંસ્થા વિરુદ્ધ નથી, પરંતુ ૭૦ વર્ષથી વધુ સમયથી આપણા લોકોના નકારવામાં આવેલા મૂળભૂત અધિકારો માટે છે... હવે બહુ થયું. કાં તો અધિકારો આપો અથવા લોકોના રોષનો સામનો કરો.

આવામી એક્શન કમિટીના વાટાઘાટકારો, પીઓકે વહીવટીતંત્ર અને સંઘીય મંત્રીઓ વચ્ચે આ મામલે વાટાઘાટો થઈ હતી, પરંતુ ત્રણ કલાકની બેઠક પછી કોઈ ઉકેલ લેવાયો ન હતો.

સમિતિએ વિશેષાધિકારો અને શરણાર્થી વિધાનસભા બેઠકો નાબૂદી પર સમાધાન કરવાનો ઈનકાર કર્યો. ત્યારબાદ શૌકત નવાઝ મીરે હડતાળ લંબાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# નેપાળના પૂર્વ પીએમ ઓલીનો પાસપોર્ટ રદ, દેશ છોડવા પર રોક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેપાળના જેન-ઝી આંદોલન દરમ્યાન યુવા પ્રદર્શનકારીઓ પર થયેલી ગોળીબારના સંદર્ભમાં ગઠિત ન્યાયિક આયોગે પૂર્વ પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલી સહિત પાંચ પ્રમુખ વ્યક્તિઓને અનુમતિ વિના કાઠમંડૂ છોડવાની મનાઈ કરી છે. સુપ્રીમ કોર્ટની નિવૃત્ત ન્યાયાધીશ ગૌરી બહાદુર કાર્કીની અધ્યક્ષતા હેઠળ ગઠિત આ આયોગના નિર્દેશ અનુસાર કેપી ઓલી સહિત અનેક નેતાઓના પાસપોર્ટ રદ કરવામાં આવ્યા છે.



દરમ્યાન ૮ સપ્ટેમ્બરે ભડકેલા આંદોલન પછી કેપી શર્મા ઓલીએ પ્રથમવાર જાહેર મંચ પર વાપસી કરી છે. ઓલીએ યુવા સંગઠનના કાર્યક્રમમાં હાજરી આપી જેને તેમની પાર્ટીમાં ફરી યુવાઓ સાથે જોડાણ સાધવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

ન્યાયિક આયોગે ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખક, ભૂતપૂર્વ વડા પ્રધાન શેરબહાદુર દેઉવા તેમજ પૂર્વ વિદેશ મંત્રી આરજૂ દેઉવાના પાસપોર્ટ રદ કરવાનો આદેશ આપ્યો છે. આયોગે સ્પષ્ટતા કરી છે કે તપાસ પૂરી થાય ત્યાં સુધી આ પ્રતિબંધ જારી રહેશે.

ઉલ્લેખનીય છે કે નેપાળમાં જેન-ઝી આંદોલન દરમ્યાન થયેલી હિંસામાં વીસથી વધુ યુવા પ્રદર્શનકારીઓના મોત થયા હતા તેમજ અનેક ઘાયલ થયા હતા. આ ઘટનાએ દેશમાં રાજનીતિક તેમજ સામાજિક સ્તર પર ભારે ઉથલપાથલ સર્જી હતી.

દરમ્યાન ઓલીએ રાજીનામુ આપ્યા પછી પ્રથમવાર જાહેર મંચ પર હાજરી આપી હતી. તેઓ શનિવારે પાર્ટીના છાત્ર સંગઠન રાષ્ટ્રીય યુવા સંઘના કાર્યક્રમમાં ભક્તપુર પહોંચ્યા હતા. હિંસક પ્રદર્શનો પછી ઓલીએ ૯ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી પદ છોડી દીધું હતું. ત્યાર પછી તેઓ જાહેરમાં નહોતા દેખાયા. ઓલીએ જણાવ્યું કે હાલની જેન-ઝી તરીકે ગણાતી સરકાર બંધારણીય નથી તેમજ જનતાના મતથી પણ નથી બની. તેને તોડફોડ અને હિંસાથી બનાવવામાં આવી છે. ઓલીએ દાવો કર્યો હતો કે તેમણે પોલીસને આંદોલનકારીઓ પર ગોળી ચલાવવાનો આદેશ નહોતો આપ્યો, છતાં જનતા તેમના પર ક્રોધે ભરાઈ હતી.

### મિડલ ક્લાસને સરપ્રાઈઝ આપશે RBI?

# રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની બેઠક આજથી શરૂ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની બેઠક આજથી શરૂ થઈ ગઈ છે. આ બેઠકમાં આરબીઆઈ રેપો રેટમાં સુધારા સહિત અનેક નાણાકીય મુદ્દાઓ પર નિર્ણય જાહેર કરશે. આ જાહેરાત ૧ ઓક્ટોબરના રોજ થશે. અગાઉ ગત એમપીસી બેઠકમાં રેપો રેટમાં ૫.૫૦ ટકા પર જાળવી રાખ્યો હતો. આ વખતે રેપો રેટ મુદ્દે નિષ્ણાતો બે મત છે. અમુક નિષ્ણાતોનું માનવું છે કે, અમેરિકા ટેરિફ અને મોંઘવારીના નીચા દરને ધ્યાનમાં રાખતાં રેપો રેટ યથાવત રાખી શકે છે. જ્યારે અમુકે વ્યાજના દરોમાં ઘટાડાની શક્યતા દર્શાવી છે. હાલ રેપો રેટ ૫.૫૦ ટકા છે. આ વર્ષની શરૂઆતથી અત્યારસુધી આરબીઆઈએ તેમાં ૧ ટકાનો ઘટાડો કર્યો છે. જેમાં ફેબ્રુઆરીમાં ૦.૨૫ ટકા, એપ્રિલમાં ૦.૨૫ ટકા, અને જૂનમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો હતો. આઈડીએફસી ફર્સ્ટ બેન્કના રિપોર્ટ અનુસાર, આરબીઆઈ દ્વારા રેપો રેટ યથાવત રાખવાની અપેક્ષા છે. જેની પાછળનું કારણ ફુગાવામાં ઘટાડો તેમજ જીએસટીમાં સુધારાથી માગ પર સકારાત્મક અસર છે. નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં અપેક્ષા કરતાં વધુ જીડીપી ગ્રોથ નોંધાયો છે. જ્યારે એસબીઆઈ રિપોર્ટ અનુસાર, ભારત-અમેરિકા વેપાર મંત્રણાની અટકી પડેલી વાતો વચ્ચે જીએસટી સુધારાએ માગ અને વપરાશને વેગ આપ્યો છે. જીએસટીમાં સુધારાથી ફુગાવો ૨૦૦૪ બાદ તેના ઐતિહાસિક તળિયે નોંધાવાની શક્યતા છે. જેથી વ્યાજદરોમાં ઘટાડો આરબીઆઈ માટે સારો વિકલ્પ છે. આરબીઆઈએ ઓગસ્ટની બેઠકમાં વ્યાજના દ ૫.૫૦ ટકા જાળવી રાખ્યા હતાં. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) ના ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર ડૉ. સૌમ્ય કાંતિ ઘોષના જણાવ્યા અનુસાર, અમારું માનવું છે કે CPI ફુગાવો હજુ તળિયે પહોંચ્યો નથી, અને GST સુધારાથી ૬૫-૭૫ બેસિસ પોઈન્ટનો વધુ ઘટાડો થઈ શકે છે. FY27 માં પણ ફુગાવો નરમ રહેશે અને GST કાપ વિના તે સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં ૨ ટકાથી નીચે નોંધાયો હતો. FY27માં ફુગાવો ૪ ટકા અથવા તેનાથી નીચે રહેશે. જીએસટીમાં સુધારાના પગલે ઓક્ટોબરમાં ફુગાવો ૧.૧ ટકાની આસપાસ રહી શકે છે, જે ૨૦૦૪ પછીનો સૌથી નીચું સ્તર છે.

### ૧૧૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા

# મહારાષ્ટ્રમાં વરસાદનો કહેર જારી: ૧૦ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

મહારાષ્ટ્ર, ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ફરી વરસાદે માઝા મૂકી છે. મહારાષ્ટ્રમાં પણ છેલ્લા ૨૪ કલાકથી વરસી રહેલા વરસાદમાં દસ લોકોના મોત થયા છે. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે ભારે વરસાદના કારણે રાજ્યના વિવિધ ભાગોમાંથી ૧૧,૮૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાસિક જિલ્લામાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ચાર લોકોના મોત થયા છે, જેમાંથી ત્રણનું મૃત્યુ ઘર ધરાશાયી થતાં થયું છે, ધારાશિવ અને અહિલ્યાનગરમાં બે-બે અને જાલના અને યવતમાલમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. મરાઠાવાડા ક્ષેત્રમાં ગોદાવરી નદી પર બનેલા જયકવાડી ડેમમાં પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે તેના તમામ દરવાજા ખોલવાની ફરજ પડી હતી. પરિણામે નીચાણવાળા વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે.

**ગોદાવરી નદી પર બનેલા જયકવાડી ડેમમાં પાણીનું સ્તર વધ્યું છે, જેના કારણે તેના દરવાજા ખોલવાની ફરજ પડી**

જિલ્લાના હરસુલ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૬ મીમી વરસાદ નોંધાયો છે. બીડ, નાંદેડ અને પરભણી સહિત મરાઠવાડા ક્ષેત્રના અન્ય જિલ્લાઓમાં પણ ભારે વરસાદ પડ્યો છે. ગોદાવરી નદીના ઉપરના ભાગમાં આવેલા નાસિકમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે સોમવારે રેડ એલર્ટ જારી કર્યુ હતું, જેમાં જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પૂરની સ્થિતિની વિગતવાર સમીક્ષા કરી અને વહીવટીતંત્રને મરાઠવાડા ક્ષેત્રમાં ચાલી રહેલા ભારે વરસાદ વચ્ચે નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરતી વખતે રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો છે. છત્રપતિ સંભાજીનગર, બીડ, હિંગોલી, જાલના, લાતૂર, નાંદેડ, ધારાશિવ, પરભણી અને સોલાપુર જિલ્લાના કલેક્ટરોએ બેઠકમાં હાજરી આપી હતી. નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ રાજ્યના અનેક ભાગોમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.

શનિવાર રાતથી મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના જણાવ્યા અનુસાર રવિવારે ભારે વરસાદ પડ્યો હતો, કેટલાક વિસ્તારોમાં સવારે ૮ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી ૫૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો.

### વનએક્સબેટની જાહેરાતની આવકમાંથી સંપત્તિ ખરીદવાનો આરોપ

# ઓનલાઈન સટ્ટાબાજીમાં ઈડી ક્રિકેટરો અને કલાકારોની સંપત્તિ ટાંચમાં લેશે

### ઈડીએ આ કેસમાં યુવરાજ સિંહ, સુરેશ રૈના, રોબિન ઉથપ્પા, સોનુ સુદ, મિમી ચક્રવર્તી, અંકુશ હાજરાની પૂછપરછ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓનલાઈન સટ્ટાબાજી અને ગેમિંગ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં અનેક રમતવીરો અને અભિનેતાઓ સામે કાર્યવાહી થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં ઈડી તેમની કરોડો રૂપિયાની સંપત્તિ ટાંચમાં લઈ શકે છે. આ કાર્યવાહી મની લોન્ડરિંગ કાયદા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ વનએક્સબેટથી જોડાયેલ કેસોની તપાસમાં જાણવા મળ્યું છે કે આમાંથી કેટલીક વ્યકિતઓએ તેમને મળેલ જાહેરાતની આવકમાંથી અનેક પ્રકારની સંપત્તિ ખરીદી હતી. જે પીએમએલએ કાયદા હેઠળ અપરાધથી અર્જિત આવકની કેટેગરીમાં આવે છે. જેમાંથી અનેક સંપત્તિ યુનાઈટેડ આરબ અમિરાત જેવા દેશોમાં છે. હાલમાં આ સંપત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે ફેડરલ તપાસ એજન્સી ટૂંક સમયમાં જ આ વ્યકિતઓની સ્થિર અને ચાલુ મિલકતો ટાંચમાં લેવા માટે પીએમએલએ હેઠળ આદેશ જારી કરશે.

ટાંચના આદેશ પછી તેને પીએમએલએ હેઠળ સંબધિત ઓથોરિટીને કન્ફરમેશન માટે મોકલવામાં આવશે. મંજૂરી મળવા પર આ સંપત્તિઓને જપ્ત કરવા માટે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રે તાજેતરમાં એક કાયદો લાવીને દેશમાં રિયલ મની ઓનલાઈન ગેમિંગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ઈડીએ પોતાની તપાસ હેઠળ છેલ્લા કેટલાક સપ્તાહમાં યુવરાજ સિંહ, સુરેશ રૈના, રોબિન ઉથપ્પા અને શિખર ધવન જેવા ક્રિકેટરો અને સોનુ સુદ, મિમી ચક્રવર્તી (પૂર્વ તૃણમુલ સાંસદ) અને અંકુશ હાજરા (બાંગ્લા સિનેમા)થી પણ પૂછપરછ કરી હતી.

કેટલાક સોશિયલ મીડિયા ઈન્ફલુએન્ઝર સાથે પણ પૂછપરછ કરવામાં આવી છે. ઈડીએ તેમના નિવેદન પણ રેકોર્ડ કર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેમાંથી અનેક લોકોએ તપાસ અધિકારીને પોતાના બેંક ખાતાઓ અને લેવડદેવડની માહિતી આપી છે અને જણાવ્યું હતું કે કંઈ રીતે તેમણે ઓનલાઈન પ્લેટફોર્મથી પોતાની એન્ડોર્સમેન્ટ ફી પ્રાપ્ત કરી હતી.

આ કેસમાં એજન્સી કેટલાક અન્ય ખેલાડીઓ અને અભિનેતાઓના નિવેદન રેકોર્ડ કરી રહી છે. ઈડીએ વનએક્સબેટના ભારત ખાતેના એમ્બેસેડર ઉર્વશી રોતેલાને પણ સમન્સ પાઠવ્યા છે. જો કે તે વિદેશમાં હોવાના કારણે તેમનું નિવેદન નોંધવામાં આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે વનએક્સબેટ પર ૨૨ કરોડ ભારતીય યુઝર્સ હતાં.

# પોલીસે ગાડીઓની બ્લેક ફિલ્મ ઉતારતા ભાજપના દિગ્ગજ નેતા ભડકી ઉઠ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુઝફ્ફરનગર

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી સંજીવ બાલિયાન અને પોલીસ વચ્ચે તણાવ વધી રહ્યો છે. રવિવારે હિન્દુ મજદૂર કિસાન સમિતિના કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા સંજીવ બાલિયા સાથે પોલીસ ભારે બોલાચાલી થઈ હતી. જેમાં તેમણે ભાજપ નેતાઓની ગાડીમાં ઝંડા અને કાળી ફિલ્મ ઉતારવા પર નારાજગી વ્યક્ત કરી હતી.

પોલીસ પર ભડકેલા બાલિયાને કહ્યું કે, જે અધિકારી બીજાની ગાડીની ફિલ્મ ઉતરાવી રહ્યા છે તેમની પોતાની ગાડી પર કાળી ફિલ્મ લાગેલી છે. જો કે આ મામલે હજુ પોલીસ- વહીવટીતંત્ર તરફથી કોઈ પ્રતિક્રિયા નથી આવી, પરંતુ સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે એવું કહેવાય છે કે, આ વિવાદ હજુ પણ વધશે. મુઝફ્ફરનગરના બૂઢાણા વિધાનસભા વિસ્તારના ખેડા મસ્તાન ગામમાં રવિવારના રોજ હિન્દુ મજદૂર કિસાન સમિતિ દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં પહોંચેલા સંજીવ બાલિયાનનો ગુસ્સો આ વખતે પોલીસ પર ઉતર્યો હતો. કાર્યક્રમનો હેતુ નળ બચાવો અને જાતિવિહીન સમાજ બનાવો હતો, પરંતુ મંચ પર પહોંચેલા પૂર્વ મંત્રી પોલીસ પર ભડક્યા હતા. હકીકતમાં થોડા સમય અગાઉ ભાજપના નેતાઓની ગાડીઓ પરથી ઝંડા અને કાળી ફિલ્મ હોવા પર પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહીને લઈને ભાજપના કાર્યકર્તાઓમાં નારાજગી જોવા મળી છે.સંજીવ બાલિયાને કહ્યું કે, જે અધિકારીએ ભાજપના નેતાની ગાડી જપ્ત કરી હતી તેમના વાહન પર પણ કાળી ફિલ્મ લગાવેલી હતી. આ અધિકારીઓ પોતે ફૈં અને કાળી ફિલ્મનો ઉપયોગ કરે છે. હવે તેમના ઝંડા ઉતારવાનો સમય આવી ગયો છે, અને કદાચ કોઈ દિવસ તેમના ચશ્મા પણ ઉતારવામાં આવશે.




## તંત્રી લેખ......

### ઈરાન પર યુનાઈટેડ નેશન્સના આકરા પ્રતિબંધો યથાવત

પરમાણુ કાર્યક્રમો ચાલુ રાખવા બદલ ઈરાન પર યુનાઈટેડ નેશન્સ દ્વારા આકરા પ્રતિબંધો યથાવત રાખવામાં આવ્યા છે. જેના પગલે છેલ્લા ઘણા સમયથી ભૂખમરા અને મોંઘવારીથી પીડાઈ રહેલા ઈરાનવાસીઓ માટે જીવન વધારે દોહ્યલું બનવાની ભીતિ છે. યુએનમાં છેલ્લી ઘડી સુધી રાજદ્વારી પ્રયાસો નિષ્ફળ રહેતા રવિવાર મધ્યરાત્રિથી જ ઈરાન પર પ્રતિબંધો અમલી કરાયા છે. આ પ્રતિબંધના પગલે ઈરાનવાસીઓ વિદેશમાં સંપત્તિ વસાવી શકશે નહીં. આ સાથે ઈરાન સાથે થયેલા દરેક શસ્ત્ર કરાર પૂરા થઈ જશે અને ઈરાનના બેલાસ્ટિક મિસાઈલમાં સાથ આપવા બદલ દંડ લાગુ થશે. યુએન દ્વારા 'સ્નેપબેક' વ્યવસ્થા હેઠળ આ પ્રતિબંધો લાગુ કરાયા છે. ઈરાને અગાઉ વર્ષ ૨૦૧૫માં વિશ્વની મહાસત્તાઓ સાથે કરેલા પરમાણુ કરારો પણ આ પ્રતિબંધ હેઠળ આવી ગયા છે. ઈરાનનું ચલણ (રિયાલ) હાલ ઐતિહાસિક નીચલા સ્તરે છે અને અનિવાર્ય ખાદ્ય ચીજોની કિંમત આસમાને પહોંચી છે. ચોખા, માંસ તથા અનાજ જેવી પાયાની વસ્તુઓ રોજિંદી થાળીથી દૂર થઈ રહી છે. યુએન દ્વારા યથાવત રખાયેલા પ્રતિબંધોના પગલે ઈઝરાયેલ વાસીઓને આગામી સમયમાં ભયંકર યુદ્ધની ચિંતા સતાવી રહી છે. અગાઉ જૂન મહિનામાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ૧૨ દિવસ મિસાઈલ યુદ્ધ થયુ હતું. આગામી સમયમાં ઈઝરાયેલ ઉપરાંત અમેરિકા પણ ઈરાન સામેના યુદ્ધમાં જોડાય તો ઈરાનનું સંકટ વધી શકે છે. ઈરાનમાં દમનકારી સરકારે છેલ્લા એક વર્ષમાં અસંખ્ય લોકોને મોતને ઘાટ ઉતાર્યા છે. છેલ્લા ત્રણ દસકમાં સૌથી વધુ લોકોને ગત વર્ષે મોતની સજા થઈ હતી. સ્થાનિકોના મતે ૧૯૮૦ના દસકામાં ઈરાન-ઈરાક યુદ્ધ કરતાં પણ વધારે ખરાબ સ્થિતિ સર્જી શકે છે. યુએનની સીક્યુરિટી કાઉન્સિલ દ્વારા અત્યંત દુર્લભ કિસ્સામાં 'સ્નેપબેક' લાગુ કરાય છે. આ જોગવાઈને ચીન કે રશિયા જેવા દેશો વીટો પાવરથી પણ અટકાવી શકતા નથી. પરમાણુ શસ્ત્રો પર નજર રાખતી આંતરરાષ્ટ્રીય સંસ્થાને ઈરાને પરત મોકલી દીધા પછી અમેરિકા સાથેની વાટાઘાટો પણ પડી ભાંગી હતી. ફ્રાન્સ, જર્મની અને યુનાઈટેડ કિંગડમ જેવા દેશોએ ૩૦ દિવસ અગાઉ ઈરાન પર આ જોગવાઈ લાગુ કરવા માગ કરાઈ હતી.

# અમદાવાદમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિ



### મહાન વ્યક્તિઓ કોઈ નિશ્ચિત જગ્યાએ જન્મ લેતા નથી પરંતુ તેઓ સામાન્ય જગ્યાને તેમના કાર્યોથી મહાન બનાવે છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

અમદાવાદમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, જે બાળકો નાની ઉંમરથી જ પરિશ્રમને પ્રાધાન્ય આપે છે એ જરૂરથી પોતાના જીવનકાળમાં સફળ થાય છે. એવા અનેક મહાપુરુષોના ઉદાહરણો છે જેઓને આજે દેશ જ નહીં પણ સમગ્ર દુનિયા યાદ કરે છે.

રાજ્યપાલશ્રીએ મહાપુરુષોના ઉદાહરણ આપતા વિદ્યાર્થીઓને કહ્યું કે, ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ, અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન, ભારતના વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનમાં પરિશ્રમનું ખૂબ જ મહત્વ રહ્યું છે. આ તમામ પોતાના વિદ્યાર્થીકાળમાં કરેલી મહેનત થકી સફળ બન્યા છે. તેમણે વધુમાં કહ્યુ કે, આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દુનિયાના અનેક દેશોનું સન્માન મેળવીને ભારતનું ગૌરવ વધાર્યું છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ગરીબી અને અભાવ એ મહેનત કરનારા લોકો માટે ક્યારેય અડચણરૂપ નથી..મહાન વ્યક્તિઓ કોઈ નિશ્ચિત જગ્યાએ જન્મ લેતા નથી પરંતુ તેઓ સામાન્ય જગ્યાને તેમના કાર્યોથી મહાન બનાવવાનું કાર્ય કરે છે. આવા મહાપુરુષોના વિચારો અને દિવ્યતા લોકોમાં એક વિલક્ષણ ભાવ જગાવે છે. વિદ્યાર્થીઓને જીવનના નૈતિક મૂલ્યો અંગે રાજ્યપાલશ્રીએ કહ્યું કે વિદ્યાર્થીઓને ક્યારેય પણ કોઈ કામ પ્રત્યે ભય, લજ્જા કે પછી શંકાનો ભાવ દેખાતો હોય તો એ કામ ન કરવું જોઈએ. વિધાર્થીઓએ જીવનમાં ક્યારેય પણ ભૂલ ન કરવી જોઈએ, પણ જો કદાચ ભૂલ થઈ જાય તો એ ભૂલને છુપાવવાને બદલે પોતાના માતા- પિતા ગુરુ કે ઘરના વડીલને તેની અવશ્ય જાણ કરવી જોઈએ.

વિદ્યાર્થીકાળમાં શારીરીક સ્વાસ્થય મજબૂત રહે તે માટે યોગ, પ્રાણાયમ કરવા પર ભાર મુકી જંકફૂડથી દૂર રહી ઘરનું બનાવેલ સાત્વિક ભોજન લેવાનો આગ્રહ રાખવો જોઈએ તેમજ વ્યસનથી દૂર રહેવા પણ રાજ્યપાલશ્રીએ શીખામણ આપી હતી. આ ઉપરાંત જરૂરિયામંદ વિદ્યાર્થીઓ માટે અદાણી ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતી આવી શૈક્ષણિક સંસ્થાઓ ભારતના મજબૂત ભાવીના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપે છે તે બદલ સંસ્થાના વિવિધ સમાજ ઉપયોગી કાર્યોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત અદાણી વિદ્યામંદિરના કેમ્પસની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો પણ મેળવી હતી.

આ કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ.પ્રીતિ અદાણી, અદાણી ફાઉન્ડેશન તેમજ અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી વસંત ગઢવી, અદાણી ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રીમતિ શિલિન અદાણી, અદાણી વિદ્યા મંદિરના પ્રિન્સિપાલ શ્રી ડૉ. શિલ્પા ઈંદોરીયા તેમજ અદાણી ફાઉન્ડેશનના, પદાધિકારીઓ, અતિથિગણ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### નાણામંત્રીશ્રી – ઉદ્યોગમંત્રીશ્રી-ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રી-ગૃહ રાજ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિ

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જી.એસ.ટી. રિફોર્મ્સ અને વોકલ ફોર લોકલ અંગે રાજ્યના ઉદ્યોગ-વેપાર સંગઠનો સાથે વિડીયો કોન્ફરન્સ યોજી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા જી.એસ.ટી. રિફોર્મ્સ વિકસિત ભારતના સંકલ્પને વેગ આપવા સાથે ભારતને વિશ્વનું ઉત્પાદન હબ બનાવવામાં પણ ઉપયુક્ત થશે.

મુખ્યમંત્રીશ્રી રાજ્યના ઉદ્યોગ-વેપાર સંગઠનો, અગ્રણી ઉદ્યોગકારો સાથે યોજાયેલી જી.એસ.ટી. રિફોર્મ્સ અને વોકલ ફોર લોકલ - સ્વદેશી અભિયાન અંગેની વિડીયો કોન્ફરન્સને ગાંધીનગરથી સંબોધન કરી રહ્યા હતા.

આ વીડિયો કોન્ફરન્સમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત, રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા તેમજ રાજ્યભરના ૨૨૫ જેટલા ઉદ્યોગ સંગઠનો અને ૩૫૦૦થી વધુ વેપાર-ઉદ્યોગકારો સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, હાલની વૈશ્વિક પરિસ્થિતિમાં વડાપ્રધાનશ્રીએ ભવિષ્યના આગવા વિઝન સાથે આત્મનિર્ભરતાનો માર્ગ અપનાવ્યો છે. આ માટે તેમણે સ્વદેશી ઉત્પાદનો પર ફોકસ કરવા માટે જી.એસ.ટી. રિફોર્મ્સ કર્યા છે. એટલું જ નહીં ટેક્સના સ્લેબમાં પણ ઘટાડો કર્યો છે. જી.એસ.ટી. ઘટાડાનો આ ફાયદો લોકો સુધી પહોંચાડવામાં આપણે સૌ સાથે મળીને કામ કરીશું તો બચત ઉત્સવની જે વિભાવના વડાપ્રધાનશ્રી આપી છે તે સાચા અર્થમાં સાકાર થશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ઉદ્યોગ-વેપારકારોને સ્થાનિક ઉત્પાદનોને વેગ આપીને આપણા જ દેશના યુવાનો તથા કારીગરોની મહેનત અને પરિશ્રમથી બનેલી ચિજવસ્તુઓ અને ઉત્પાદનોને બજાર મળે તેમજ વોકલ ફોર લોકલનો વડાપ્રધાનશ્રીનો હેતું પાર પડે તે માટે અનુરોધ કર્યો હતો.

ભારત જેવા દેશે આર્થિક વિકાસ માટે સ્વનિર્ભર બનવું જરૂરી છે. આપણી સ્થાનિક ડિમાન્ડ ખૂબ જ ઊંચી છે અને તે સબળ પાસાને કારણે વધુ મેન્યુફેક્ચરિંગનો પણ ભારતમાં અવકાશ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, મોબાઈલ ફોનની નિકાસ જે ૨૦૧૪-૧૫માં ૦.૨ બિલિયન યુએસ ડોલર હતી તે ૨૦૨૩-૨૪માં ૧૫.૬ બિલિયન ડોલરે પહોંચી છે. એન્જિનિયરિંગ ગુડ્સ નિકાસ ૨૦૨૩-૨૪માં ૧૦૯.૩૨ બિલિયન યુએસ ડોલર પહોંચી છે. સેમિકન્ડક્ટર જેવા ઉભરતા સેક્ટરમાં પણ હવે આપણે આત્મનિર્ભર થવા જઈ રહ્યા છીએ.

વડાપ્રધાનશ્રીએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં રાષ્ટ્ર ભાવ સાથે જે કરવું પડે તે કરવાની તૈયારી સાથે સરકાર આયાત ઘટે અને નિકાસ વધે તેને પણ પ્રાયોરિટી આપી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીએ આપેલા કોલને બધા જ કોલની જેમ ઉત્સાહથી ઝિલી લઈને ગુજરાત વિકસિત ભારત-આત્મનિર્ભર ભારત માટે પણ ઉદ્યોગ-વેપાર સંગઠનોના સહયોગથી લીડ લેશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે આ પ્રસંગે જણાવ્યું કે, અગાઉ કેન્દ્ર અને રાજ્ય સરકારના મળીને ટેક્સમાં જે જટિલતા હતી તેને સરળ કરવાનો હિંમતપૂર્વકનો પ્રયાસ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યો ત્યારે શરૂઆતની જે જી.એસ.ટી. આવક હતી તે વધીને હવે ૨૨.૮ લાખ કરોડની થઈ છે.

આ સરળીકરણને પરિણામે જી.એસ.ટી.ની આવકમાં વધવા સાથે આવનારા દિવસોમાં જી.ડી.પી. ગ્રોથ રેટમાં પણ વધારો થશે અને સ્વદેશી વસ્તુઓના વેચાણમાં પણ વૃદ્ધિ થવાથી આત્મનિર્ભર ભારતનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ પાર પડશે તેમ શ્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું. લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ આ વીડિયો કોન્ફરન્સનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા કહ્યું કે, રાજ્ય સરકાર વેપાર-ઉદ્યોગો પ્રત્યે પ્રો-એક્ટિવ એપ્રોચ સાથે આગળ વધી રહી છે ત્યારે જી.એસ.ટી. રિફોર્મ્સ, વોકલ ફોર લોકલ અને સ્વદેશી અભિયાન જેવા મહત્વના વિષયો પર ઉદ્યોગ-વેપાર જગતના સૂચનો પણ આવકાર્ય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ માટે વીડિયો કોન્ફરન્સના આયોજનની જે પ્રેરણા આપી છે તે માટે તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

આ વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થતા એસોચેમના શ્રી ચિંતન ઠાકર, ટોરેન્ટ પાવરના શ્રી જીનલ મહેતા, ઝાયડસ ગ્રુપના શ્રી પંકજ પટેલે જી.એસ.ટી. રિફોર્મ્સને લેન્ડમાર્ક સ્ટેપ ગણાવતા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં પાછલા દશકમાં આવેલા મોટા બદલાવોની પ્રશંસા કરી હતી.

તેમણે ખાસ કરીને લાઈફ સેવિંગ ડ્રગ્સ, મેડિસિનલ અને મેડિકલ ટેકનોલોજી, રિન્યુએબલ એનર્જી અને ગ્રીન ગ્રોથ સહિતના ક્ષેત્રોમાં ટેક્સ રિફોર્મ્સનો લાભ થતા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગ મળશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

એટલું જ નહીં સ્વદેશીને પ્રમોટ કરનારા ઉદ્યોગોને સરકાર તરફથી પ્રોત્સાહિત કરવામાં આવે તેવી લાગણી પણ તેમણે વ્યક્ત કરી હતી.

આ વીડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, ઉદ્યોગ અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

### રેલવે સુરક્ષા બળ, વડોદરા મંડળ દ્વારા મુસાફરોના સામાનની ચોરી કરનારા ઓની ધરપકડ





તારીખ ૨૫.૦૯.૨૦૨૫ અને ૨૬.૦૯.૨૦૨૫ ના રોજ વડોદરા મંડળ માં ચલાવવામાં આવેલા ખાસ ગુપ્ત દેખરેખ અભિયાન દરમિયાન મોબાઈલ ચોરી કરનારા બે વ્યક્તિઓને પકડવામાં આવ્યા.

૨૫.૦૯.૨૦૨૫ ના રોજ નિરીક્ષક વડોદરા પોસ્ટના માર્ગદર્શનમાં ઉપ નિરીક્ષક નિશા મીના અને પોસ્ટની TOPB ટીમના હેડ કોન્સ્ટેબલ લાલુભા અને કોન્સ્ટેબલ મનજીત કુમાર દ્વારા વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૦૬ પર ગુપ્ત દેખરેખ ના દરમિયાન એક એક શંકાસ્પદ બહારના વ્યક્તિને ભાગી રહેલા ને પકડવામાં આવ્યો . શોધખોળ ના દરમિયાન તેના કબજામાંથી એક VIVO Y19 5G મોબાઈલ ફોન (અંદાજિત કિંમત રૂા.૧૨,૦૦૦/-) મળી આવ્યો હતો. પૂછપરછમાં તેણે ટ્રેનમાંથી એક મુસાફરનો મોબાઈલ ફોન ચોરી કર્યાની કબૂલાત કરી. આરોપીથી જપ્ત કરાયેલ મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી માટે GRP/વડોદરાને સોંપવામાં આવ્યો હતો, જ્યાં તેની સામે કેસ નોંધવામાં આવ્યો અને તપાસ શરૂ કરવામાં આવી.

તેવી જ રીતે તારીખ ૨૬.૦૯.૨૦૨૫ ના રોજ નિરીક્ષક ભરૂચ પોસ્ટના માર્ગદર્શનમાં ACP અને TOPB ટીમ (કોન્સ્ટેબલ પંકજ કુમાર અને કોન્સ્ટેબલ જગન સિંહ) દ્વારા ભરૂચ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૦૩ પર ગુપ્ત દેખરેખ રાખી રહ્યા હતા. આ દરમિયાન ટ્રેન નંબર ૧૯૪૧૭ પરથી એક શંકાસ્પદ બહારના વ્યક્તિને સ્થળ પર જ પકડી લેવામાં આવ્યો. શોધખોળ દરમિયાન તેની પાસેથી એક VIVO 5G મોબાઈલ ફોન (અંદાજિત કિંમત રૂા.૫,૦૦૦/-) મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે એક મુસાફર પાસેથી મોબાઈલ ફોન ચોરી કર્યાની કબૂલાત કરી. આરોપીને ચોરાયેલા મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી માટે GRP/ભરૂચને સોંપવામાં આવ્યો હતો, જ્યાં તેની સામે કેસ નોંધવામાં આવ્યો અને તપાસ શરૂ કરવામાં આવી.

### અમારા જેવા ચુંટાયેલા પ્રતિનિધિઓના કામો મંજુર કરવામાં આવ્યા નથી : ચૈતર વસાવા

# નર્મદા જિલ્લામાં દર વર્ષની જેમ ચાલુ વરસે પણ બહારની એજન્સીઓના બિન જરૂરી કોન્ટ્રાકટ મંજુર કરવામાં આવ્યા છે : ચૈતર વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ૮૦ દિવસના જેલવાસ બાદ પ્રથમ વખત નર્મદા કલેકટર કચેરી ખાતે આયોજન અંગેની બેઠકમાં હાજરી આપી હતી.

બેઠક ચાલુ થતા પહેલા તેઓ સીધા જ નર્મદા કલેકટરની ઓફીસમાં પહોચ્યા હતા અને માંગ કરી હતી કે મીટીંગોમો સીસીટીવી અને લાઈવ રેકોર્ડીંગ કરનાર એક વ્યકિતને હાજરમાં રાખો, બાકી મારી પર પૂર્વ આયોજીત કાવતરાના ભાગરૂપે ફરીથી મને ખોટા કેસોમાં ફસાવી શકાય એવી મને ભીતી છે. બાદમાં ચૈતર વસાવા સીધા જ મીટીંગ રૂમમાં પહોચ્યા હતા.

ત્યાં હાજર કર્મચારીઓને જણાવ્યુ હતુ કે આ રૂમમાં કાચની પાણીની બોટલ અને કાચનો ગ્લાસ મુકતા નહી, બાકી મને ખોટી રીતે ફસાવશે, બેઠક પૂર્ણ થયા બાદ ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે આજે ૧૩ કરોડ એફઆરએ ના કામોનુ અને ૬૦ કરોડ ગુજરાત પેટર્ન યોજનાના કામનુ આયોજન હતું. અમારા જેવા લોકપ્રતિનિધિઓના કામો મંજુર કરવાની જગ્યાએ બહારની એજન્સિઓ અને કોન્ટ્રાકટરના બિન જરૂરી કામો મંજુર કરી દેવામાં આવ્યા છે. જેથી અમે કલેકટરને આજે સાંજના ૬ વાગ્યા સુધીમાં માહિતી આપવાનુ કહ્યુ છે.

મંગળવાર સુધીમાં પ્રભારી મંત્રી સાથે સંકલન કરીને જે પણ કામોનો સમાવેશ નથી થયો એ કામોનો સમાવેશ કરવા માટેની બાંહેધરી પણ કલેકટરે આપી છે.

લોક ઉપયોગી કામોનો સમાવેશ નહી કરાય તો કલેકટર કચેરીએ ધરણાં પ્રદર્શન અને ઉગ્ર આંદોલન કરીશુ, જરૂર પડે તો મુખ્યમંત્રી અને પ્રભારી સચિવ સુધી મુદ્દો લઈ ન્યાય માટે લડીશુ,

ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યુ હતુ કે અમલીકરણ અધિકારીઓ કામ પર ધ્યાન આપતા નહી હોવાને



કારણે વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ની વણવપરાયેલી ગ્રાન્ટ આજે પડી રહેલી છે. અમે અગાઉની મીટીંગમા જે પણ કામની માંગણી કરી હતી તેમાંથી અમુક જ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બાકી કોન્ટ્રાકટરો એનજીઓના કામ લઈ લેવામાં આવ્યા છે. હું રાજપીપળા ભાડાના મકાનમાં રહીને પ્રજાના કામો કરીશ, મેં નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખને કહ્યુ છે કે કોઈ ભાડે મકાન હોય તો કહેજો.

# ગાંધીનગર ખાતે 'આદિજાતિ સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને પરંપરા' વિષય સાથે રાષ્ટ્રીય કક્ષાની આદિજાતિ લેખકોની એક દિવસીય કોક્લેવ યોજાઈ

ગુજરાત ટ્રાઈબલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સોસાયટી તેમજ આદિવાસી અધ્યાપક મંડળના સંયુક્ત ઉપક્રમે 'આદિજાતિ સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને પરંપરા' વિષય સાથે એક દિવસીય રાષ્ટ્રીય કક્ષાની આદિજાતિ લેખકોની કોક્લેવ ગાંધીનગર ખાતે યોજાઈ હતી.





ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ-ગાંધીનગર ખાતે એક દિવસીય નેશનલ સેમિનાર-કોક્લેવ અને આદિવાસી અધિવેશનનું આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ શુભેચ્છા સંદેશ આપ્યો હતો. આદિવાસી અધ્યાપક મંડળના પ્રમુખ શ્રી ડૉ. ઈશ્વર ગામીત તથા ટ્રાઈબલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સોસાયટીના ડાયરેક્ટર ડૉ. સી.સી.ચૌધરીના માર્ગદર્શનમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

આ કોક્લેવમાં આદિવાસી સંસ્કૃતિ તેમનું ગૌરવશાળી ઈતિહાસ, આદિવાસી મેડિસિન,પ્રાચીન રમતો, ગીતો, ભજનો, વિવિધ પરંપરાઓ અને સરકારની આદિવાસીલક્ષી વિવિધ યોજનાઓ સહિત સમગ્રલક્ષી ચર્ચા અને સંવાદ કરવામાં આવ્યો હતો.


બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મધુકર પાડવીએ તેમજ ડાયરેક્ટર ડૉ. સી.સી.ચૌધરીએ અધ્યક્ષ તરીકેનું મુખ્ય વક્તવ્ય આપ્યુ હતું.

પ્રથમ બેઠકમાં મુંબઈ યુનિવર્સિટીના ડૉ. પ્રકાશ મસરામે પોતાના વક્તવ્યમાં આદિવાસીઓના ગૌરવ વિશે વાત કરી ત્યારબાદ મુખ્ય વક્તા નાગપુર વિદ્યાપીઠના ડૉ. શ્યામ કુરેટીએ આદિવાસીઓનો ઈતિહાસ કઈ રીતે લખવો જોઈએ તેના વિશે વિગતે ચર્ચા કરી હતી.

વિવિધ સત્રોમાં વક્તા તરીકે ડૉ. પ્રભુ ચૌધરી, ડૉ. કનુ વસાવા, ડૉ. આનંદ વસાવા, ડૉ. જીતેન્દ્ર વસાવા, ડૉ. જયંતી ચૌધરી, અધ્યાપક મંડળના મંત્રી ડૉ. જે.બી.બોડાત,એડવોકેટ વનરાજ પારગી સહિતના વક્તાઓએ હાજર રહી પ્રસંગ અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય દફતર ભંડારના ડાયરેક્ટર ડૉ. શૈલેષ સોલંકી અને ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પ્રોફે. અરુણ વાઘેલા પણ હાજર રહ્યા હતા.

અધ્યાપક મંડળના પ્રમુખ ડૉ. ઈશ્વરભાઈ ગામીતે સૌ મહેમાનોને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે અધ્યાપક મંડળના પ્રમુખશ્રી ડૉ. ઈશ્વરભાઈએ આભારવિધિ કરી હતી. વિશિષ્ટ કામગીરી કરનાર તથા સેવા નિવૃત અધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં ગુજરાતભરના વિવિધ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો ,પી.એચ.ડી સ્કોલરો, સંશોધકો, સાહિત્યકારો, વકીલો, વિદ્યાર્થીઓ ઉપરાંત લેખનમાં રુચિ ધરાવતા તમામ વ્યક્તિઓ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

- જનક દેસાઈ




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૨,૭૭૮ કરોડનાં કામકાજ સાથે બંને કીમતી ધાતુઓના વાયદા ઓલ ટાઈમ હાઈ સ્તરે

## ક્રૂડ તેલનો વાયદો રૂ.૯૧ લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૭૩૭૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૫૭૮૩ કરોડનું ટર્નઓવરઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૭૩૭૧ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૩૧૬૪.૫૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૭૩૭૯.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૭૫૭૮૩.૩૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૩૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૬૬૧.૩૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૪૨૭૭૮.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૫૨૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૬૩૭૭ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૧૫૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૪૮૯૧ના આગલા બંધ સામે રૂ.૧૪૬૯ના ઉછાળા સાથે રૂ.૧૧૬૩૬૦ થયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૯૫ ઊછળી રૂ.૯૩૨૯૬ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૫૬ વધી રૂ.૧૧૬૬૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૭ની તેજી સાથે રૂ.૧૧૫૮૨૪ થયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૪૬૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૬૧૭૭ અને નીચામાં રૂ.૧૧૪૬૧૧ના મથાળે અથડાઈ, રૂ.૧૧૪૫૨૨ના આગલા બંધ સામે રૂ.૧૬૪૩ના ઉછાળા સાથે રૂ.૧૧૬૧૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૧૭૫૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૪૧૭૯ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૪૧૭૫૮ના મથાળે અથડાઈ, રૂ.૧૪૧૮૮૯ના આગલા બંધ સામે રૂ.૧૯૩૧ના ઉછાળા સાથે રૂ.૧૪૩૮૨૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૧૨૧ ઊછળી રૂ.૧૪૩૯૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૧૦૦ની તેજી સાથે રૂ.૧૪૩૯૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૫૧૦.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૪૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૪૫ અને નીચામાં રૂ.૩૭૬૨ના મથાળે અથડાઈ, રૂ.૯૦ના ભાવઘટાડા સાથે રૂ.૩૭૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૮૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૧૬ અને નીચામાં રૂ.૫૭૨૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૮૩૩ના આગલા બંધ સામે રૂ.૯૧ ઘટી રૂ.૫૭૪૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૯૦ ઘટી રૂ.૫૭૪૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૨૮૧.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧.૭ ઘટી રૂ.૨૮૧.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૭૨ના ભાવે ખૂલી, રૂ.૨.૬ ઘટી રૂ.૯૬૨.૬ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૪૦૦ના ભાવે ખૂલી, રૂ.૫ વધી રૂ.૨૪૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૭૨૫૪.૦૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૫૫૨૪.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૮૭૮.૬૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૩.૮૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૯.૩૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૯૯.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૧૦૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૨૪૧૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૧૩૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૩૯૧૧૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૨૯૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૭૮૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૪૧૦૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૫૬૮૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૨૩૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૦૯૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૭૧૭૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૩૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૭૪૩૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૨૮૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૫૦ પોઈન્ટ વધી ૨૭૩૭૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૫ ઘટી રૂ.૧૪૭.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૧૩.૧ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૩ વધી રૂ.૧૪૮૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૩૪ વધી રૂ.૪૭૭૩ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૪૮ વધી રૂ.૨૦.૧ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૭.૬૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૨.૯ ઘટી રૂ.૧૫૦ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૧૭.૫૫ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩૧ વધી રૂ.૨૮૦૩ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૬૪.૫ વધી રૂ.૪૮૩૦ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૫ વધી રૂ.૧૬૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૧૭.૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯.૫ ઘટી રૂ.૪૪૬.૫ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૪૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૫ પૈસા ઘટી રૂ.૮.૨૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૬૫ વધી રૂ.૧૭.૫૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૯ ઘટી રૂ.૧૧૮૬ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૧૨.૫ ઘટી રૂ.૩૩૨૮ના ભાવે બોલાયો હતો.

---

આ બે દિવસીય નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને દેશભરના વિવિધ રાજ્યોના પ્રતિનિધિશ્રીઓ રહેશે ઉપસ્થિત

## મહાત્મા મંદિર ગાંધીનગર આગામી તા. ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર યોજાશે નેશનલ કોન્ફરન્સ



મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું હતું કે, આગામી તા. ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર બે દિવસીય નેશનલ કોન્ફરન્સનું મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામના લક્ષ્યો હાંસલ કરવા માટેના વિઝન, નોલેજ શેરિંગ અને કેપેસિટી બિલ્ડિંગ, બેસ્ટ પ્રેકટિસીસ, ઈનોવેશન કેસ સ્ટડી તથા પોલિસી સ્ટ્રકચર વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. ડૉ. જયંતી રવિએ આ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત દેશભરના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ સહભાગી બનીને વિચાર વિમર્શ કરશે. જેમાં દેશના રાજ્યોના જમીન રેકોર્ડ તથા આપદા વ્યવસ્થાપન સંબંધિત બાબતો, જમીન સિસ્ટમ અને રેકોર્ડનો ઐતિહાસિક વિકાસ વગેરે મુદ્દાઓ ઉપર ચર્ચા થશે. તેમજ જમીન ટાઈટલ અને મહેસૂલી, પેપરલેસ ઓનલાઈન રજીસ્ટ્રેશન, જમીન રેકોર્ડ મેનેજમેન્ટ અને નગર રચના, રેવન્યુ અને સિવિલ કોર્ટ કેસ તથા પેપરલેસ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ, જમીન વહીવટ માટે સ્ટાફિંગ અને માનવ સંસાધન વ્યવસ્થા જેવા વિષયો ઉપર પણ વિશદ ચર્ચા કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, આ કોન્ફરન્સમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ, વિવિધ રાજ્યોના વિશેષજ્ઞો, NIC, Survey of India, NDMA, GSDMA, BISAG-N, NIC, GNLU, IIM-A, IIT-Gn, ISRO, CEPT, TISS, બેંકિંગ સેકટર, ટેક કંપનીઓ, CREDAI, Advocates, Land Stack જેવી સંસ્થાઓની પણ સહભાગિતા પ્રાપ્ત થશે. મહાત્મા મંદિર ખાતે યોજાનાર બે દિવસના આ રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમમાં ગુજરાત રાજયમાં રી-સર્વે પ્રવૃત્તિઓ—પડકારો, તેના ઉકેલ તથા બેસ્ટ પ્રેક્ટિસિસ ઉપર પણ ચર્ચા વિચારણા કરીને ફોકસ કરવામાં આવશે. તેમજ આપદા નિવારણ ક્ષેત્રે બેસ્ટ પ્રેક્ટિસિસનું અનુભવ-શેરિંગ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આશા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની આધુનિક સુવિધાઓ અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોની સફળ યજમાનીનો અનુભવ આ કોન્ફરન્સને સફળ બનાવવામાં સહાયક બનશે તેમજ "ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ **(DILRMP)**" ના લક્ષ્યો હાંસલ કરવા દિશામાં આ કોન્ફરન્સ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

વધુ વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, આ કોન્ફરન્સમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે જેમ કે, જમીન રેકર્ડસના મોડર્નાઈઝેશન સંદર્ભે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના અનુભવો અને બેસ્ટ પ્રેકટીસીસનું આદાનપ્રદાન, જમીનના ટાઈટલ અને મહેસૂલી કાયદાઓ સંદર્ભે કાયદાકીય સુધારાઓનો અભ્યાસ, ઈ-રજિસ્ટ્રેશન, શહેરી જમીન આયોજન અને રિસર્વે માટે ટેકનોલોજી આધારિત ઉકેલોનું નિદર્શન, આપત્તિ શમન, રાહત અને પુનર્વસન આયોજનમાં શ્રેષ્ઠ પ્રથાઓનું મૂલ્યાંકન, વિવાદોના ઉકેલ અંગેની વ્યવસ્થા સહિત ઈન્ટીગ્રેટેડ, ટેકનોલોજી-ઈનેબલ્ડ જમીન વ્યવસ્થાપન માટે નેશનલ રોડમેપ બનાવવા સર્વસંમત્તિ સાધવીનો સમાવેશ થાય છે.

---

## સરકાર દેશભરમાં ૭૨ હજાર થી વધુ ચાર્જીંગ સ્ટેશનો ઉભા કરશે : જે ઈલેકટ્રીક વાહનો ને ચાર્જીંગ માટે સરળતા રહેશે



પ્રતિનિધિ,ગાંધીનગર

કોઈપણ વ્યકિત ઈલેકટ્રીક કાર ખરીદે તે પહેલા સૌથી મોટો પ્રશ્ન ચાર્જીંગ ઈન્ફાસ્ટ્રકચરનો ઉદભવે છે. ઈલેકટ્રીક કારની કિંમત બાદ આ બીજી સૌથી મોટી ચિંતા છે. જેણે ભારતમાં ઈલેકટ્રીક ક્રાંતિની ગતિ ધીમી કરી દીધી છે.

હવે સરકાર આ સૌથી મોટા અવરોધને દુર કરવાની તૈયારી કરી રહી છે, ભારે ઉદ્યોગમંત્રાલયે પ્રધાનમંત્રી ઈ- ડ્રાઈવ યોજના હેઠળ જાહેર ઈ-ડ્રાઈવ ચાર્જીંગ ઈન્ફાસ્ટ્રકચરને સુધારવા માટે વિગતવાર ઓપરેશનલ માર્ગદર્શિકા બહાર પાડી છે. આ માર્ગદર્શિકા માત્ર ઉદ્યોગ માટે જ નહી પરંતુ સામાન્ય ગ્રાહક માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે કારણ કે ભારતમાં હવે ચાર્જીંગ સ્ટેશનોની સંખ્યા અને પહોચ બંનેમાં નોધપાત્ર વિસ્તરણ જોવા મળશે. તે સ્પષ્ટપણે જણાવે છે કે જાહેર ચાર્જીંગ સ્ટેશન સ્થાપિત કરનારાઓને નોધપાત્ર સબસીડી મળશે.

કેટલાકને સરકારી ઈમારતોમાં સ્થાપિત મફત ચાર્જર માટે ૭૦ ટકા, કેટલાકને ૮૦ ટકા અને કેટલાકને ૧૦૦ ટકા સબસીડી મળશે. સરકારની રૂપીયા ૧૦ હજાર કરોડની પ્રધાનમંત્રી ઈ-ડ્રાઈવ યોજનામાંથી રૂપીયા ૨ હજાર કરોડ ચાર્જીંગ ઈન્ફાસ્ટ્રકચર પર ખર્ચવામાં આવશે. ૭૨૩૦૦ નવા જાહેર ચાર્જીંગ સ્ટેશન, બેટરી સ્વેપીંગ અને બેટરી ચાર્જીંગ સ્ટેશન સ્થાપિત કરવાનો છે. આ યોજના ખાસ કરીને મેટ્રો શહેરો, સ્માર્ટ શહેરો, રાજયની રાજધાનીઓ અને રાષ્ટ્રીય તેમજ રાજયધોરી માર્ગો જેવા ઉચ્ચ ઘનતાવાળા વિસ્તારો પર ધ્યાન કેન્દ્રીત કરશે.

ભારતમાં હાલમાં આશરે ૩૦ હજાર જાહેર ઈ-ડ્રાઈવ ચાર્જીંગ સ્ટેશન છે, જો સરકારી ઈમારતો જેમ કે ઓફીસો, હોસ્પીટલો, શાળાઓ, રહેણાંક સંકુલમાં લોકોને મફત ચાર્જીંગ સુવિધા પુરી પાડવામાં આવે છે તો ૧૦૦ ટકા સબસીડી આપવામાં આવશે. પીએસયુ આઉટલેટ્સ, એરપોર્ટ, મેટ્રો, બસસ્ટેશન, બંદરો અને નેશનલ હાઈવે ટોલપ્લાઝા પર સ્થિત ચાર્જીંગ સ્ટેશનોને ૮૦ ટકા સુધી ઈન્ફાસ્ટ્રકચર અને ૭૦ ટકા સબસીડી મળશે. મોલ, બજારો અને રોડ રસ્તાના કિનારે આવેલા સ્ટેશનોને ફકત ઈન્ફાસ્ટ્રકચર પર ૮૦ ટકા સબસીડી મળશે. બેટરી સ્વેપીંગ અને બેટરી ચાર્જીંગ સ્ટેશનોને પણ ૮૦ ટકા સબસીડી દ્વારા આવરી લેવામાં આવશે.

સબસીડી ની ગણતરી બ્યુરો ઓફ એનર્જી ઓફીસીયન્સી દ્વારા નિર્ધારીત બેન્ચ માર્ક ખર્ચ અથવા વાસ્તવિક ખર્ચ (જે ઓછુ હોય તે ) ના આધારે કરવામાં આવશે. ઉદાહરણ તરીકે ૫૦ કિલો વોટ સુધીના ચાર્જરની કિંમત રૂપીયા ૬.૦૪ લાખ નકકી કરવામાં આવી છે અને ૧૫૦ કિલો વોટ થી વધુ ચાર્જીંગ માટે તે રૂપીયા ૨૪ લાખ નકકી કરવામાં આવી છે. ૫૦ કિલો વોટના સીસીએસ ચાર્જર માટે બેન્ચ માર્ક ખર્ચ રૂપીયા ૭.૨૫ લાખ છે અને ૧૦૦ કિલો વોટના ચાર્જર માટે તે રૂપીયા ૧૧.૬૮ લાખ છે.

---

આ વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં સ્વદેશી પ્રોડક્ટ્સને ગ્લોબલ અપિલ સાથે પ્રમોટ કરાશે

## અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૫ આગામી પાંચમી ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી યોજાશે

### મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૫-૨૬ના આયોજન માટે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક સંપન્ન

રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ વર્ષે આગામી પાંચમી ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ યોજાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી આ શોપિંગ ફેસ્ટિવલના આયોજન અંગેની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશના નવયુવાનોની મહેનત અને દીકરા-દીકરીઓના પરિશ્રમના પરસેવાથી બનેલી સ્વદેશી વસ્તુઓના વધુને વધુ ઉપયોગના કરેલા આહવાનને સાકાર કરવા અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં આ વર્ષે સ્વદેશી પ્રોડક્ટ્સને ગ્લોબલ અપીલ સાથે પ્રમોટ કરવામાં આવશે એમ પણ આ બેઠકમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું.

અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલે દેશમાં સૌથી મોટા શોપિંગ ફેસ્ટિવલ તરીકે જે ઈમેજ ઉભી કરી છે તેને વિવિધ થીમ સાથેના બજારો ઉભા કરીને વધુ વ્યાપક બનાવવાના આયોજનની ચર્ચા-પરામર્શ આ બેઠકમાં થયા હતા.

સહકાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, નાણાં અગ્ર સચિવ શ્રી ટી.નટરાજન, જી.એસ.ટી. કમિશનર શ્રી રાજીવ ટોપનો, શહેરી વિકાસ અગ્ર સચિવ શ્રી થેન્નારસન, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની અને સચિવ ડૉ. વિક્રાંત પાંડે સહિત સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવ આ બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ બહોળા પ્રમાણમાં લોકોને આકર્ષે અને અહીં બધુ મળે છે તેવી ઈમેજ લોકોમાં ઉભી થાય તે પ્રકારની પ્રોડક્ટ્સના વેચાણ માટે બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

આ વર્ષે સંભવતઃ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડમાં વેડિંગ ડેસ્ટિનેશન ઝોન સહિત અલગ-અલગ ઝોન ઊભા કરીને શોપિંગ ફેસ્ટિવલમાં એક જ સ્થળેથી વિવિધ ચીજવસ્તુઓ અન્ડર વન અમ્બ્રેલા મળી રહે તેવા આયોજન માટે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ફેસ્ટિવલમાં ખાસ કરીને એન.આર.આઈ. - એન.આર.જી. અને વિદેશી પ્રવાસીઓ પણ ઉત્સાહથી સહભાગી થાય તે માટે સ્વદેશી ચીજ વસ્તુઓ સાથે પરંપરાગત ખાનપાન, હેરિટેજ વોક, સાંસ્કૃતિક પ્રસ્તુતિની પણ સુચારું વ્યવસ્થા કરવા સંદર્ભમાં બેઠકમાં ફળદાયી વિચાર વિમર્શ થયો હતો. આ સમગ્ર આયોજનને આખરી ઓપ આપવા રચવામાં આવેલી એડવાઈઝરી કમિટી અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલના સર્વગ્રાહી પાસાંઓને સાંકળી લઈને વિસ્તૃત પ્લાનિંગ કરે તેવું પ્રેરક સૂચન મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં કર્યું હતું.

તેમણે ગત વર્ષના શોપિંગ ફેસ્ટિવલની પણ સમીક્ષા કરી હતી અને આ વર્ષનો શોપિંગ ફેસ્ટિવલ ફુલ પ્રુફ આયોજન સાથે વોકલ ફોર લોકલને વેગ આપનારો બને તે માટે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી સમક્ષ અગાઉના વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની સફળતાનું પ્રેઝન્ટેશન કરતા જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે ૨૫ લાખથી વધુ લોકોએ આ ફેસ્ટિવલનો લાભ લીધો હતો. વિવિધ બ્રાન્ડ્સની ૫૧૧૨ શોપ્સ ફેસ્ટિવલમાં જોડાઈ હતી અને માતબર વેચાણ થયુ હતું.

આ શોપિંગ ફેસ્ટિવલમાં ડેકોરેટીવ લાઈટીંગ, ફેસ્ટિવલના સ્થળોએ જવા-આવવા વિના મૂલ્યે બસ સેવા, પાર્કિંગ તેમજ મેડીકલ ઈમરજન્સી સહિત અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવેલી હતી. તેની વિગતો પણ પ્રેઝન્ટેશનમાં પ્રસ્તુત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષના અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં પણ વધુ સંગીન સુવિધાઓ માટે અમદાવાદ મહાનગરપાલિકાને સૂચનો કર્યા હતા. આ અયોજન બેઠકમાં પ્રવાસન સચિવશ્રી ડૉ. રાજેન્દ્ર કુમાર, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી આલોક પાંડે, ડાયરેકટર મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન સુશ્રી રમ્યા મોહન સહિતના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

---

## નવા સચિવાલય-ગાંધીનગર ખાતે 'અન્યના ઘરમાં અજવાળું પાથરીએ' થીમ સાથે નવરાત્રી ઉત્સવનું આયોજન કરાયુ

### જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં હેલ્થ ચેકઅપ અને G -કાર્ડ રજિસ્ટ્રેશન કેમ્પ યોજાયો



નવા સચિવાલય-ગાંધીનગર ખાતે આજે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઉપક્રમે માનવીય અભિગમ દાખવીને 'અન્યના ઘરમાં અજવાળું પાથરીએ' થીમ સાથે પુરવઠા અને જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી કુંવરજી બાવળિયાએ માતાજીની આરતીનો લાભ લીધો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નવરાત્રીમાં માં શક્તિની ઉપાસનાથી નવી ઊર્જા પલ્લવતિ થાય અને તે ઊર્જા દિવાળીથી લઈને નવા વર્ષ સુધી કાયમ રહે છે. જરૂરિયાત મંદ નાગરિકો માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા "Dream foundation, Ahmedabad"ને આ ઉત્સવનો ભાગ બનાવીને આપણા ઘરમાં રહેલી બિન ઉપયોગી ઘરગથ્થું વપરાશની વસ્તુઓ, કપડા, રમકડા, ચોપડીઓ સહિત મોટા પ્રમાણમાં આ સંસ્થાને દાન પ્રાપ્ત થયું છે. સંસ્થા દ્વારા આ દાન અને વસ્તુઓ જરૂરિયાત મંદ સુધી પહોંચાડાશે.

'અન્યના ઘરમાં અજવાળું પાથરીએ' થીમ સાથે યોજાયેલા નવરાત્રિ ઉત્સવમાં સચિવાલયના વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ દ્વારા દર્શાવવામાં આવેલા અદભૂતપૂર્વ સહયોગ અને ઉત્સાહ બદલ મંત્રીશ્રીએ સૌને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

નવા સચિવાલય ખાતે આરોગ્ય વિભાગના સહયોગથી આયોજિત હેલ્થ ચેક અપ કેમ્પમાં ૧૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓએ **Non Communicable Disease-NCD**ના બીપી, ડાયાબિટીસની તપાસ કરાવી હતી.

આ ઉપરાંત ૨૦ જેટલા કર્મચારીઓએ **G**-કાર્ડ નોંધણી કરાવી હતી. જેના થકી આયુષ્માન ભારત યોજનાનો લાભ મેળવી શકશે.

આ ઉપરાંત આત્મનિર્ભર ભારત અને મહિલા સશક્તીકરણના મંત્રને ચરિતાર્થ કરવા મહિલાઓ દ્વારા દિવાળી સંદર્ભે તૈયાર કરાયેલ વિવિધ વસ્તુઓ તેમજ વિદ્યાના પુંજ સમાન બુક સ્ટોલમાંથી વિવિધ પુસ્તક ખરીદીનો લાભ ઉપસ્થિત સૌ સચિવાલયના અધિકારી-કર્મચારીઓએ લીધો હતો.

---

## વંથલીની ઝાપોદડ સેવા મંડળીની ઘટનાઃ ૩૧ લાખના ખાતર કૌભાંડમાં પ્રમુખની ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ૨૦૨૨થી મેનેજર તરીકે ફરજ બજાવતા સતીષકુમાર ગોવિંદ ખટારીયાએ ઝાપોદડ સેવા સહકારી મંડળીના પ્રમુખ મનસુખ ગંગદાસ પાડલીયા અને મંડળીના મંત્રી કેવલ જીતેન્દ્ર જયસ્વાલ સામે વંથલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જેમાં મંડળીના પ્રમુખ અને મંત્રી દ્વારા તા. ૧ એપ્રિલ ૨૦૨૩થી તા ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન ખરીદ વેચાણ સંઘ પાસેથી રાસાયણિક ખાતર સહિતની વસ્તુઓ મંગાવી હતી. જે ખાતર ખેડૂતોને વેચી તેના ઉપજેલા નાંણા વસુલી તે નાણા મંડળીના ખાતે જમા લીધા હતા. બાદમાં બને આરોપીઓએ પોતાની સહી ચેકમાં કરીને રૂ.૧૯.૪૫ લાખ મંડળીના મંત્રીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા અને બાદમાં તે રકમ પોતાના અંગત હિત માટે વાપરી ઉચાપત કર્યાની ફરિયાદ નોંધાવામાં આવી છે.

ઝાપોદડ સેવા સહકારી મંડળીના પ્રમુખ મનસુખ ગંગદાસ પાડલીયા અને મંડળીના મંત્રી કેવલ જીતેન્દ્ર જયસ્વાલએ ખાતર ખેડૂતોને વહેંચી અને પૈસાની ઉચાપત કરી હતી. તેમજ ખરીદ વેચાણ સંઘનું ખાતરનું બીલ પણ ન ચૂકવીને કાવતરું રચીને ખરીદ વેચાણ સંઘ સાથે કુલ રૂ.૩૧,૦૬,૧૨૯ની રકમની નાણાકીય ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધીને મંડળીના પ્રમુખ મનસુખ પાડલીયાની ધરપકડ કરીને ફરાર આરોપી જીતેન્દ્ર જયસ્વાલની શોધખોળ શરૂ કરી છે. તેમજ ઝડપાયેલા પ્રમુખની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

આ કૌભાંડમાં કોણ કોણ હજુ પણ સંડોવાયેલું છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આમ લાખોની કિંમતનું ખાતર વહેંચીને ઉચાપત કરનાર મંડળીના પ્રમુખ અને મંત્રી સામે ફરિયાદ તો નોંધાઈ છે પરંતુ હજુ પણ આ કૌભાંડમાં અનેક નામો ખૂલે તેવી શક્યતા છે.

# શું સી આર પાટીલ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે ? અટકળોએ જોર પકડયું

પ્રતિનિધિ,ગાંધીનગર

પાછલા લાંબા સમયથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને લઈ અટકળો ફરી ચાલી રહી છે. આ વખતે નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળ શકિત મંત્રી સીઆર પાટીલનુ નામ જોરશોરથી ચર્ચામાં આવ્યુ છે. તેમનુ ચર્ચામાં નામ કેમ આવ્યુ તેની પાછળના કારણો સમયજવા જેવા છે. રાજકીય વર્તુળોમાં અટકળો તેજ બની છે કે ભાજપના નેતા અને કેન્દ્રીય જળશકિત મંત્રી સી આર પાટીલ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ પદના સંભવિત દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે. તાજેતરમાં ગૃહમંત્રી અમિત શાહની સુરત મુલાકાત દરમિયાન પાટીલની હાજરીએ પક્ષના કાર્યકરોમાં ઉત્સાહ જગાવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે




સીઆર પાટીલના માતા સહિત તેમના પરીવાર સાથે ઘણો સમય વિતાવી શુભેચ્છા મુલાકાત કરી ખબર અંતર પુછયા હતા. બિહાર ચુંટણીમાં તેમણે સહપ્રભારી બનાવવામાં આવ્યા છે ત્યારબાદ આવી અટકળોએ વેગ પકડયુ છે. પરંતુ બિહાર ચુંટણી બાદ જ આ ચિત્ર અંગે વધુ સ્પષ્ટતા થવાની શકયતા રહેલી છે. સુત્રો મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાહ બાદ પાટીલનુ કદ વધવાથી ગુજરાતનુ રાષ્ટ્રીય સ્તરે પ્રભુત્વ વધશે. જે પી નડ્ડાનો કાર્યકાળ પુરો થવાના આરે છે. ત્યારે ગુજરાતમાં પાટીલની સતત ચુંટણી સફળતા, પક્ષ પરની તેમની મજબુત આંતરીક પકકડ અને ટોચના નેતૃત્વ સાથેના તેમના ગાઢ સંબંધો તેમની સંભાવનાઓને વધુ મજબુત બનાવે છે. પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની વ્યુહ રચનાને કારણે ગુજરાતમાં ૨૦૨૨ માં યોજાયેલી વિધાનસભા ચુંટણીમાં ભાજપે ૧૫૬ સીટ જીતીને ઈતિહાસ રચ્યો હતો. જયારે કોંગ્રેસને ૧૭ બેઠક મળી હતી, આમ આદમી પાર્ટીને ૫ તથા અન્યને ૪ સીટ મળી હતી. ૨૦૧૭ માં ભાજપને ૧૦૮ સીટ, કોંગ્રેસને ૬૮ સીટ તથા અન્ય ને ૬ સીટ મળી હતી.

અત્યાર સુધી ૯ નેતાઓને ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ બનવાની તક મળી છે. આમાં સૌથી લાંબો કાર્યકાળ રાજેન્દ્રસિંહ રાણાનો હતો ત્યારબાદ આર સી ફળદુ સૌથી લાંબા સમય સુધી ભાજપના પ્રદેશ પ્રમુખ રહ્યા હતા. રાણાનો કાર્યકાળ ૭ વરસનો હતો. જયારે આર સી ફળદુ ૬ વરસ અને ૧૮ દિવસ માટે પ્રમુખ રહ્યા હતા. સીઆર પાટીલ જુલાઈ ૨૦૨૫ માં ૫ વરસ પુરા કરનારા ત્રીજા પ્રદેશ પ્રમુખ બન્યા હતા. સૌથી ટુંકો કાર્યકાળ ગુજરાતના સ્વર્ગસ્થ ભુતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો હતો , તેમણે ૧૭૩ દિવસ માટે સંગઠનનો કાર્યભાળ સંભાળ્યો હતો. વજુભાઈવાળા એવા નેતા હતા જેમને બે અલગ અલગ સમયે પ્રદેશ પ્રમુખની જવાબદારી મળી હતી. જીતુ વાઘાણી બાદ સીઆર પાટીલ પ્રદેશ પ્રમુખ બન્યા હતા. તેમણે ૨૦ જુલાઈ ૨૦૨૦ ના રોજ આ જવાબદારી સંભાળી હતી.

# નરેન્દ્ર મોદી સ્ટેડીયમનો રસ્તો પહોળો કરવા કોર્ટે અચેર ગામના ૪૯ રહેવાસીઓને કહ્યું તમારે વિસ્તાર ખાલી કરવો જ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના નરેન્દ્ર મોદી સ્ટેડીયમ તરફ જતા રોડ રસ્તાને પહોળા કરવાને કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અચેર ગામના ૪૯ રહેવાસીઓને તે સ્થળ ખાલી કરવા માટે નોટીસ ફટકારી હતી. આ આખો મામલો લઈને ગામના ૪૯ રહેવાસીઓએ ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો .



પરંતુ હાઈકોર્ટે તેમની આ અરજી ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યુ હતુ કે આ પ્રોજેકટ માટે સમગ્ર કાનુની પ્રક્રિયાનુ પાલન કરવામાં આવ્યુ છે અને આ કારણ બતાવીને કોર્ટે અરજી ફગાવી દીધી હતી. ઉપરાંત જણાવ્યુ હતુ કે હવે આ બધા રહેવાસીઓએ આ વિસ્તાર ખાલી કરવો જ પડશે. ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ વિસ્તારના રહેવાસીઓને સ્થળ ખાલી કરવા માટે નોટીસ ફટકારી હતી.

નોટીસમાં કોર્પોરેશન તરફથી જણાવવામાં આવ્યુ હતુ કે સુભાષનગરના ઘરો, જેને ઝુંપડપટ્ટી વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તે ટાઉન પ્લાનિગ સ્કીમ હેઠળ બનાવવામાં આવી રહેલા ૨૪ મીટર અને ૧૨ મીટર રોડ રસ્તો વચ્ચે આવે છે. તેથી તેઓએ આ સ્થળ ખાલી કરવુ જ પડશે. આ પછી ત્યાંના રહેવાસીઓએ ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. રહેવાસીઓએ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેમાં જણાવ્યુ હતુ કે તેમના વિસ્તારને ઝુંપડપટ્ટી જાહેર કરવામાં આવ્યો છે અને તેથી તેમને ખાલી કરાવતા પહેલા રહેવા માટે બીજી જગ્યા પુરી પાડવી જોઈએ. જો કે કોર્ટે અરજી ફગાવીને આ ૪૯ રહેવાસીઓને ફટકો માર્યો હતો.

કોર્ટે જણાવ્યુ હતુ કે આ યોજનાને લઈને કયાંય પણ તેને પડકારી શકાય નહી. કારણ કે આ યોજનામાં બધા નિયમોનુ પાલન કરવામાં આવ્યુ છે. કોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે જેમને નોટીસ મળી છે તેમણે શાંતિથી સ્થળ ખાલી કરવુ જોઈએ અને એએમસીને કબ્જો સોંપી દેવો જોઈએ.

કોર્ટે જણાવ્યુ હતુ કે કાયદાકીય પરીસ્થિતિ હોવાને કારણે અરજદારોના આ કેસમાં કોઈ યોગ્ય બાબત હોય તેવુ દેખાતુ નથી.

### દ્વારકા થી મોટર માર્ગે ઉપલેટા પહોચ્યા ડો. મનસુખ માંડવીયા સાથે ચર્ચા કરી ખોડલધામ શીશ ઝુકાવ્યું

# ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ ઉપલેટામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના કાર્યાલય આવી પહોચતા મંત્રી મંડળ વિસ્તરણની ગતિવિધી બની તેજ

પ્રતિનિધિ,ગાંધીનગર

કોઈ નિર્ધારીત કાર્યક્રમ કે સમય વગર ઉત્તર પ્રદેશના રાજયપાલ એકાએક ઉપલેટા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના કાર્યાલય ખાતે આવી પહોચતા રાજકીય ગતિવિધી તેજ બની હતી. ટુંકા રોકાણ બાદ તેઓ કાગવડ સ્થિત ખોડલધામ ખાતે શીશ ઝુકાવવા રવાના થયા હતા. તેમની સાથે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પણ જોડાતા મંત્રી મંડળ વિસ્તરણની ચર્ચાએ પકડયુ જોર. રાજયના રાજકારણમાં છેલ્લા એક અઠવાડીયાથી રાજકીય ગતિવિધી તેજ બની રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગૃહ રાજયમંત્રી અમિત શાહની રાજકોટ મુલાકાત પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ ના સુરત નિવાસ સ્થાને અમિત શાહની બંધ બારણે મુલાકાત, રાજકોટના જુના જોગીઓ સાથે અમિત શાહની મુલાકાત વચ્ચે ગઈ કાલે નિર્ધારીત સમય કે કાર્યક્રમ વગર ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ અને તેમની દિકરી ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી અનાર પટેલ સાથે દ્વારકાથી મોટર માર્ગે ઉપલેટામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના ગૌરસ ખાતે ટુંકુ રોકાણ દરમિયાન કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સાથે ચર્ચા વિચારણા બાદ તેઓ મોટર માર્ગે કાગવડ સ્થિત ખોડલધામ માતાજીને શીશ ઝુકાવવા પહોચ્યા હતા. ઉપલેટામાં ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ ૧૨ વાગ્યાની આસપાસ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના કાર્યાલય આવી પહોચતા ડો. મનસુખ માંડવીયાએ રેટીયો આપી સ્વાગત કર્યુ હતું. અડધો મુલાકાત બાદ રાજયપાલ આનંદીબેન પટેલ અને કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવીયા કાગવડ મુકામે ખોડલધામ જવા રવાના થયા હતા. ગઈ કાલની ઉડતી મુલાકાત રાજકીય નિરીક્ષકો અલગ અલગ રીતે મુલવી રહ્યા છે.



# કોંગ્રેસે ભાજપ-આરએસએસ પર નિશાન સાધતા કહ્યુ કે તેઓ રાહુલ ગાંધીને ચુપ કરવાનુ કાવતરૂ ઘડી રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

વિપક્ષ પાર્ટીએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ ) અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના ભુતપૂર્વ નેતા દ્વારા કોગ્રેસના નેતા રાહુલ ગાંધી વિરૂધ્ધ કરવામાં આવેલી કથિત વિવાદાસ્પદ ટીપ્પણીઓ પર હુમલો કર્યો હતો અને પાર્ટીએ કહ્યુ કે જે લોકો વૈચારીક યુધ્ધમાં હાર્યા છે જેમના મતચોરી થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. તેઓ હવે વિપક્ષી નેતાનો અવાજ દબાવવાનુ કાવતરૂ ઘડી રહ્યા છે. વિપક્ષી પાર્ટીએ કહ્યુ કે પિન્ટુ મહાદેવ દ્વારા રાહુલ ગાંધીને આપવામાં આવેલી ધમકી એક ભયાનક અને ધૃણાસ્પદ ષડયંત્ર છે. મહાદેવ એબીવીપી ના ભુતપૂર્વ પ્રદેશ પ્રમુખ છે જે આરએસએસ ની વિદ્યાર્થી પાંખ છે. કોંગ્રેસના મીડીયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરા એ જણાવ્યુ હતુ કે ભાજપના પ્રવકતાએ ટેલીવિઝન પર કહ્યુ કે રાહુલ ગાંધીને છાતીમાં ગોળી મારવામાં આવશે અને તેમની સામે અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે વધુમાં કહ્યુ પહેલા સીઆરપીએફએ રાહુલ ગાંધીની સુરક્ષા અંગે કોંગ્રેસ વડા મલ્લિકાર્જુન ખડગેને પત્ર લખીને તેને લીક કર્યો હતો. તો તેમની



સુરક્ષાનુ રાજકારણ કેમ થઈ રહ્યુ છે અને આવુ વાતાવરણ કેમ બનાવવામાં આવી રહ્યુ છે ? પવન ખેરાએ કહ્યુ કે આ આખી ઘટના કાવતરાની ગંધ આપે છે, તેમણે પ્રશ્ન કર્યો કે આ કાવતરૂ કોણ રચી રહ્યુ છે. તેમણે વધુમા કહ્યુ કે આ એ જ લોકો છે જે વૈચારિક યુધ્ધ હારી રહ્યા છે અને તેમની પાસે જવાબ આપવા માટે કોઈ વિચાર નથી. હવે આ કાવતરૂ ઘડવુ જોઈએ, પહેલા તમે રાહુલ ગાંધીને ગોળીઓથી ચુપ કરવાનો પ્રયાસ કર્યો, અને હવે તમે તેમને ગોળીઓથી ડરાવવાની ધમકી આપી રહ્યા છો, ખેરા એ કહ્યુ કે ભાજપ એ સહન કરી શકિત નથી કે કાશ્મીર થી કન્યાકુમારી સુધીના લોકો રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ તરફ આકર્ષાયા, તેમણે કહ્યુ કે તમારી ચોરી રંગે હાથ પકડાઈ ગઈ છે. હવે તમે સમજાવો છે કે તમારો સમય પુરો થઈ રહ્યો છે.

તેમણે એમ પણ કહ્યુ કે કોંગ્રેસ આવા લોકોને હિંસાનો આશરો લેવા દેશે નહી, ખેડાએ એવો પણ દાવો કર્યો હતો કે દેશ જાણે છે કે કોણ કાવતરૂ ઘડી રહ્યુ છે અને શા માટે , કોંગ્રેસના નેતાએ પોતાની પોસ્ટમાં લખ્યુ જયારે પણ ESS ભારતની વિચારધારાને હરાવવામાં નિષ્ફળ જાય છે ત્યારે તેના કાર્યકરો શારીરિક હિંસાનો આશરો લે છે અને કોઈ ગોડસે ગાંધીને મારી નાખે છે, હવે જયારે ભાજપ વૈચારિક યુદ્ધ લડી રહ્યુ છે ત્યારે તેમના પ્રવકતા અને નેતાઓ રાહુલ ગાંધીને મારી નાખવાની ધમકી આપી રહ્યા છે.

# ગુજરાત બાર કાઉન્સિલની બેઠક મળી: ૩૧ જાન્યુઆરી પહેલા ચુંટણી કરવાની તૈયારી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દેશભરમાં આવેલ જુદા જુદા રાજયના બાર કાઉન્સિલની ચુંટણી માટે સુપ્રિમ કોર્ટમાં મામલો પહોચ્યો હતો. જે બાદ હવે ગુજરાત બાર કાઉન્સિલની બેઠક મળી હતી, જેમાં ૩૧ જાન્યુઆરી પહેલા ચુંટણી કરવા તૈયારીઓ કરવામાં આવી રહ્યાની ચર્ચા છે.

ગુજરાત બાર કાઉન્સિલની એકસ્ટ્રા ઓડીનરી બોર્ડ અસાધારણ બોર્ડ બેઠક ગઈ કાલે રવિવારના રોજ મળી હતી. જેમાં ચેરમેન જે જે પટેલ, વાઈસ ચેરમેન મુકેશભાઈ કામદાર સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં મહત્વના ઠરાવો થયા હતા. જેમાં સુપ્રિમ કોર્ટના ચુંટણીના આદેશને આવકારવામાં આવેલ અને સુપ્રિમ કોર્ટે જે ચુંટણી અંગેના હુકમ કર્યો છે તેને બાર કાઉન્સિલ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. આ સાથે જ બોર્ડની બેઠકમાં ગુજરાત બાર કાઉન્સિલની ચુંટણી તાત્કાલીક કરવા ચર્ચા થઈ હતી.

ગુજરાત બાર કાઉન્સિલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (બીસીઆઈ) ને ઠરાવ કરીને જણાવ્યુ કે ગુજરાત બાર કાઉન્સિલની ચુંટણી તેના નિયમ મુજબ તાત્કાલીક કરાવવામાં આવે. જેના માટે તેઓ સજજ છે, ઉલ્લેખનીય છે કે દેશના કેટલાક બાર કાઉન્સિલમાં પાછલા ઘણા વરસોથી ચુંટણી થઈ નથી. આથી તેની ચુંટણી કરાવવા બાબતે આગામી તા. ૩૧ જાન્યુઆરી સુધીમાં કરાવવા બાબતે આદેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ગઈ કાલની બેઠકમાં વકીલોના વેરીફીકેશન (ચકાસણી) ના મુદ્દાને લઈને ગુજરાતના વકીલોના મતાધિકારને સુરક્ષિત કરવાની રજુઆત સુપ્રિમ કોર્ટમાં ૧૭ તારીખે કરવામાં આવશે. તેવુ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે જે પટેલે જણાવ્યુ હતું. સમગ્ર ગુજરાતના વકીલોના મતાધિકારને કોઈ રોકી ન શકે તેવો મત વ્યકત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા (બીસીઆઈ) દ્વારા જે રૂપીયા



૧,૨૫,૦૦૦ લાખ ની ફી નકકી થઈ છે તેની વિચારણા કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ સાથે જ ઠરાવાયુ કે ભુતિયા વકીલો પર કાર્યવાહીને સમર્થન છે. પણ સાચા વકીલોને નુકશાન ન થવુ જોઈએ.

# હવે ગ્રાહકો મોબાઈલ પોર્ટેબીલીટીની જેમ એલપીજી કંપની બદલી શકશે : જેવી કે સીમકાર્ડ ઉપર નંબર તે રાખી કંપની બદલી શકાય છે તે જ પ્રમાણે

પ્રતિનિધિ,ગાંધીનગર

જો આપના એલપીજી ડીલરથી સંતુષ્ટ નથી તો તેમાંથી જલ્દી રાહત મળી શકે છે, મોબાઈલ નંબર પોર્ટેબીલીટીની તર્જ પર એલપીજી ગ્રાહકોને આ વિકલ્પ મળી શકે છે કે તેઓ પોતાના હાલના કનેકશનને બદલ્યા વિના ગેસ કંપની બદલી શકે છે. સરકાર આ યોજનાને જલ્દી લાગુ કરવાની તૈયારી કરી રહી છે.



તેલ નિયામક પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડે એલપીજી ઈન્ટર ઓપરેબીલીટી પર હિતધારકો અને ગ્રાહકોના સુચનો આમંત્રિત કર્યા છે. બોર્ડનુ કહેવુ છે કે ઘણીવાર સ્થાનિક વિતરક પાસે સંચાલન સંબંધી મુશ્કેલીઓ હોય છે અને ગ્રાહક પાસે વિકલ્પ સિમિત રહી જાય છે. આ સ્થિતિમાં ગ્રાહકોને કંપની કે ડીલર પસંદ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

ખાસ કરીને ત્યારે જયારે સીલીન્ડરની કિંમત સમાન હોય, આને જોતા હવે બોર્ડ ઈન્ટર કંપની પોર્ટેબીલીટીની મંજુરી આપવા પર વિચાર કરી રહી છે. ગ્રાહકો પાસેથી સુચનો મળ્યા બાદ પીએનજી આરબી તેના માટે નિયમ અને ગાઈડ લાઈન તૈયાર કરશે અને દેશમાં લાગુ કરવાની તારીખ નકકી કરશે.

# છેલ્લા પાંચેક વરસમાં રૂ. ૯૫૭ કરોડનો ધુમાડો કરવા છતાં પણ ગુજરાતમાં પ્રદુષણને કાબુમાં લઈ શકાયુ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ઓદ્યોગીકરણ અને વધતા જતા વાહનોને કારણે પ્રદુષણની સમસ્યા વધુ ને વધુ ઘેરી બની રહી છે. પર્યાવરણની દુહાઈ દેવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ સહિત અન્ય શહેરોમાં હવા પાણીનુ પ્રદુષણ વકર્યુ છે. લોકસભામાં રજુ કરાયેલા રીપોર્ટ મુજબ છેલ્લા પાંચેક વરસમાં કુલ મળીને રૂપીયા ૯૫૭ કરોડનો ધુમાડો કરાયો છે. છતાં પણ ગુજરાતમાં પ્રદુષણને કાબુમાં લઈ શકાયુ નથી. પર્યાવરણ વિદોએ તો ચિંતા વ્યકત કરી છે કે જો આ પરીસ્થિતિમાં સુધારો નહી આવે તો દિલ્હી અને હરીયાણા જેવી દશા થાય તે દિવસો હવે દુર નથી.



ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં જાણે પ્રદુષણ પ્રત્યે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે, આજે અમદાવાદ જેવી મેટ્રો સીટીમાં એર કવોલીટી ઈન્ડેક્ષ વધતો જઈ રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ઉદ્યોગો અને કારખાના ઉપરાંત વાહનોના ધુમાડાને કારણે હવામાં ઝેરી રજકણોનુ સ્તર વધી રહ્યુ છે, આ કારણોસર અમદાવાદમાં વટવા, રખીયાલ અને નરોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં હવાનુ પ્રદુષણ ચિંતાજનક હદે વધી રહ્યુ છે. આ વિસ્તારમાં મોડી રાત્રે કેમીકલની એટલી વાસ આવે છે કે લોકોને કેટલીક વારતો નાક પર કપડુ રાખીને બહાર નિકળવુ પડે છે. ચામડીના રોગ વધ્યા છે, સ્થાનિક લોકો તો હવે જાણે વાયુ પ્રદુષણથી ટેવાઈ ગયા છે, વરસોથી ચાલતી આ ગંભીર સમસ્યા સામે સરકાર દ્વારા કોઈ ઠોસ પગલા લેવામાં આવી રહ્યા નથી. પ્રદુષણ નિયંત્રણ બોર્ડના વર્ષ ૨૦૨૪-૨૫ ના અહેવાલ મુજબ અમદાવાદમાં નવરાત્રી દરમિયાન ધ્વનિ પ્રદુષણ વધ્યુ છે જેમ કે અમદાવાદ પૂર્વમાં વધુમાં વધુ ૧૦૩ ડેસીબલ અને અમદાવાદ પશ્ચિમમાં ૮૫.૮૦ ડેસીબલ અવાજનો ઘોઘાટ રહ્યો છે. આ સ્થિતિ મનુષ્યની શ્રવણશકિતને ખુબ નુકશાન પહોચાડે છે. આ ઉપરાંત દિવાળીના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરમાં હવામાં પીએમ-૧૦ નુ પ્રમાણ ૧૬૫ અને પીએમ-૨.૫ પ્રમાણે ૩૮.૩૩ સુધી પહોચે છે જયારે અમદાવાદ ગ્રામ્યમાં તો હવામાં પીએમ ૧૦ નુ પ્રમાણ ૧૯૭ અને પીએમ ૨.૫ નુ પ્રમાણ ૯૪ સુધી પહોચી જાય છે. આમ ધ્વનિ હવાના પ્રદુષણમાં નોધપાત્ર વધારો થયો છે.

હવાની ગુણવત્તામાં સુધારો થાય તે માટે છેલ્લા પાંચેક વરસમાં કેન્દ્ર સરકારે ગુજરાતને રૂપીયા ૧૨૮૨ કરોડ નાણાંકીય સહાય આપી હતી તે પૈકી રૂપીયા ૯૫૭ કરોડનો ખર્ચ કરાયો હતો. છતાંય પ્રદુષણમાં ઝાઝો સુધારો થઈ શકયો નથી. આજે પણ ગુજરાતની નદીઓ પ્રદુષિત છે, ૧૦ થી વધુ જિલ્લાઓમાં ભુગર્ભજળ પીવા લાયક રહ્યુ નથી. સ્થિતિ દિન પ્રતિ દિન ગંભીર બની રહી છે. તેમ છતાંય ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રદુષણને કાબુમાં લેવામાં સદંતર નિષ્ફળ રહ્યુ છે. મહત્વની વાત તો એ છે કે રૂપીયા ૩૨૫ કરોડની ગ્રાન્ટ તો વણવપરાયેલી પડી રહી છે. સરકાર અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ભલે દાવો કરે કે ગુજરાતમાં હવા પાણીના પ્રદુષણમાં સુધારો થયો છે પણ વાસ્તવમાં સ્થિતિમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી.

# ભારે વરસાદ વચ્ચે વીજળી પડવાથી બે મહિલાના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

રાજ્યમાં છેલ્લા બે દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. કેટલાક સ્થળોએ કડાકા-ભડાકા સાથે મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી. તો અહીં વડોદરા શહેરના કેટલાક જિલ્લામાં પણ ભારે વરસાદે વિનાશ વેર્યો છે. જેના કારણે ગઈકાલે નવરાત્રિ કાર્યક્રમમાં પણ વિઘ્ન આવ્યું હતું. ભારે વરસાદ અને વીજળી પડવાથી વડોદરા અને દાહોજ જિલ્લામાં બે લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. જેમાં વડોદરાના વાઘોડિયા અને દાહોદના ધાનપુરમાં વીજળી પડવાથી બે મહિલાઓના મોત નીપજયાં છે. પોલીસે હાલમાં મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.વડોદરા જિલ્લાના વાઘોડિયાના ખંધા રોડ પાસે જીઆઈડીસી વિસ્તારની સીમમાં રહેતા રમીલાબેન રાયસીંગભાઈ સોલંકી તેમના પશુ ચરાવવા માટે ગયા હતા. જ્યારે સાંજે પશુ લઈને ઘર ન ફરતાં પરિવારે શોધખોળ આદરી હતી. ગ્રામજનો અને પરિવારે શોધખોળ કરતાં રમીલાબેનનો મૃતદેહ જીઆઈડીસી હદ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. ઘટના સ્થળેથી તેમની છત્રી અને મોબાઈલ નુક્સાનમાં હાલતમાં મળી આવ્યા હતા.બીજી અન્ય એક ઘટના દાહોદ જિલ્લામાં બની હતી. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આંબાકાચ ગામે ચંદુબેન સેનાભાઈ ગણાવા ખેતરમાં ચારો કાપી રહ્યા હતા તે દરમિયાન અચાનક આકાશી વીજળી પડતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

જેથી ઘટના અંગે ગામલોકોએ તાત્કાલિક મામલતદાર, તલાટી તેમજ પોલીસને જાણ કરી હતી. અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અંગે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધાનપુર પીએચસી ખાતે ખસેડીને વધુ તપાસ હાથ ધરી છે.

# કાલોલની ખાનગી શાળામાં ૨૦ બાળકોને ફૂડ પોઈઝનિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ,

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના મલાવ રોડ નજીક આવેલી અમૃત વિધાલય નામની એક ખાનગી શાળામાં ગંભીર બનાવ બન્યો છે. શાળાના ૨૦ જેટલા બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થતાં દોડધામ મચી ગઈ હતી. વાલીઓના જણાવ્યા અનુસાર, ૨૦ થી વધુ વિદ્યાર્થીઓને ઊલટીની અસર થઈ હોવાનો દાવો છે. ફૂડ પોઈઝનિંગ થવા પાછળનું સંભવિત કારણ દૂષિત પાણી અથવા શાળામાંથી બાળકોને આપવામાં આવેલો નાસ્તો હોવાનો વાલીઓએ આરોપ મૂક્યો છે.આ સમગ્ર મામલાને લઈને મોટી સંખ્યામાં વાલીઓ શાળાએ પહોંચ્યા હતા અને શાળા સંચાલકો સામે રોષ વ્યક્ત કર્યો હતો. ફૂડ પોઈઝનિંગની અસર પામેલા તમામ બાળકોને તાત્કાલિક સારવાર અર્થે અલગ-અલગ ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ સરકારી તંત્ર હરકતમાં આવ્યું હતું. કાલોલ મામલતદાર અને કાલોલ આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક શાળાએ પહોંચી હતી. આરોગ્ય વિભાગ દ્વારા શાળામાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા પાણીના અલગ-અલગ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેથી ફૂડ પોઈઝનિંગનું ચોક્કસ કારણ જાણી શકાય. આરોગ્ય વિભાગના આ રિપોર્ટ બાદ જ ફૂડ પોઈઝનિંગના સાચા કારણ પરથી પડદો ઊંચકાશે